# શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા સ્મારક
# 'ક્રાંતિ તીર્થ'

સલાયા – મસ્કા રોડ, ગામ : મસ્કા, તા. માંડવી–કચ્છ (ગુજ.) ફોન : (૦૨૮૩૪) ૨૯૫૧૯૫ ઈ–મેઈલ : info@krantiteerth.org

તારીખ : ૧૨/૧૨/૨૦૧૧

**અખબારી યાદી :**

માંડવી–કચ્છના વિશાળ દરિયા કિનારે માંડવીના સપૂત, ભારતના મહાન રાષ્ટ્રવાદી દેશભકત અને ક્રાંતિવીર શ્રી શ્યામજી કૃષ્ણવર્માજીની સ્મૃતિમાં તૈયાર કરાયેલ અદભૂત અને આધુનિક તથા સ્વચ્છ, સુઘડ અને સુંદર શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરીયલ – 'ક્રાંતિતીર્થ' પોતાનું પ્રથમ યશસ્વી અને શાનદાર વર્ષ આવતી કાલે તા. ૧૩/૧૨/૨૦૧૧ના ગૌરભવેર પૂર્ણ કરે છે અને બીજા વર્ષમાં મંગલ પ્રવેશ કરી સમગ્ર દેશ અને વિદેશથી પધારેલ **૩ લાખ ૩૬ હજાર** કરતાં વધુ મુલાકાતીઓને દેશપ્રેમ, રાષ્ટ્રભકિતની પ્રેરણા આપી, તેમને ભારતના રાષ્ટ્રવાદીઓ, ક્રાંતિકારીઓ, શહિદો વગેરેનો ઈતિહાસ તથા તેમની ભવ્ય ગાથાઓ, સાહસો તથા દેશ માટે પોતાનું સ્વર્સ્વ અર્પણ કરી દેવાની ભાવના અને જુસ્સાનો પરિચય કરાવી, દેશ પ્રત્યેના પ્રેમ, સર્મપણ અને જવાબદારી પ્રત્યે સભાનતાનું સ્મરણ તાજુ કરાવે છે. અહીં પધારેલ તમામ ભારતીય નાગરિકો પોતાની પણ દેશ માટે કંઈક જવાબદારી અને ફરજ છે તેવી નૈતિક ભાવના અને દૃઢ સંકલ્પબધ્ધતા અભિવ્યકત કરી, તમામ રાષ્ટ્રવાદીઓ, ક્રાંતિકારીઓ, શહિદોને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પે છે.

માત્ર ૧૪ મહિનાના ટુંકા ગાળામાં ૮૯.૮૬ એકર જમીન પર તૈયાર કરાયેલ આ બેનમૂન સ્મારકમાં માત્ર એક વર્ષમાં જ **૩ લાખ ૩૬**થી વધુ મુલાકાતીઓએ મુલાકાત લઈ, ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા શ્રી શ્યામજી કૃષ્ણવર્માજીના અસ્થિ માદરે વતન લાવવા કરાયેલ પ્રયત્નો અને ત્યારબાદ તેમની સ્મૃતિમાં ઉભું કરાયેલ આ અદભૂત મેમોરીયલના નિર્માણની દીર્ઘ દૃષ્ટી અને દેશપ્રેમની સરાહના અને શુભેચ્છા અભિવ્યકત કરી છે. કોઈ પણ નાત–જાતના ભેદભાવ વગર અત્રે પધારેલ નાના–મોટા સૌએ એકી અવાજે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના આ વિરલ અને વિરાટ સમયસરના સુંદર કાર્યને વખાણી એક સુર વ્યકત કરેલ છે અને અભિપ્રાય નોંધો થકી પોતાના અભિનંદનો પાઠવેલ છે.

પંડીત શ્યામજી કૃષ્ણવર્માજીએ દેશ માટે આપેલ પોતાનું મહાયોગદાન ઉપરાંત દેશના સ્વાતંત્ર્ય સંગ્રામના સારથીઓ, સૈનિકો અને શહીદોના ઘડતરમાં આપેલ અમુલ્ય યોગદાનની વિસ્મૃત યાદો / સંસ્મરણોને ફરી પુર્નઃજીવીત કરી, નવી પેઢીને / ભારતના ભાવિ ઘડવૈયાઓને તેનાથી સંપૂર્ણ વાકેફ, સુપરિચિત કરી તેમનામાં રાષ્ટ્ર ભાવના જગાડવાના અને તે દ્વારા રાષ્ટ્રીય ચારિત્ર્ય ઘડતર થાય તેવા ઉમદા હેતુસર સ્મારકનું ભવ્ય નિર્માણ કરવાનો સંકલ્પ શ્રી શ્યામજી કૃષ્ણવર્મા મેમોરીયલ સોસાયટીનો ચરિતાર્થ થયો છે. કારણ કે અત્યારસુધી લગભગ **૭૫૪** જેટલી શાળાઓ/કાલેજના **૪૭૦૦૦** જેટલાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ જિજ્ઞાસાપૂર્વક આ મેમોરીયલની મુલાકાત લીધેલ છે તેમજ ભારતના ભવ્ય ઈતિહાસ વારસાનો જીણવટભેર અભ્યાસ પણ કરેલ છે, તેમજ મેમોરીયલ દ્વારા લેવાતી વૈકલ્પિક પરિક્ષામાં પણ હોશભેર ભાગ લીધેલ છે અને ઘણાં વિદ્યાર્થીઓએ પ્રમાણપત્ર તથા ક્રાંતિકીટ પણ ઈનામ સ્વરૂપે મેળવેલ છે.

અહીં આવતા મુલાકાતીઓમાં અન્ય દેશોના રાજદૂતો, ભારત સરકારના વરિષ્ઠ અધિકારીશ્રીઓ, ગુજરાત રાજયના મંત્રીશ્રીઓ, વિવિધ વિભાગોના આઈ.એ.એસ. અધિકારીશ્રીઓ, રાજકીય પક્ષોના રાષ્ટ્રીયકક્ષા અને રાજયકક્ષાના આગેવાનો, વિદેશી પર્યટકો, રણોત્સવના મુલાકાતીઓ, ફિલ્મ જગતની નામાંકિત હસ્તીઓ, અલગ–અલગ કલાક્ષેત્રના સુપ્રસિધ્ધ કલાકારો, વિવિધ ધાર્મિક વડાઓ, ઉદ્યોગપતિઓ, વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ વગેરે મુખ્યત્વે છે.

મેમોરીયલ ખાતે દર રવિવારે સવારે આર્યસમાજ વૈદિક મહાસભા દ્વારા યજ્ઞ–હવનનું આયોજન થાય છે. મેમોરીયલ ખાતે વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચિંતન શિબિર, ગ્રુપ મીટીંગ, નારી સંમેલન, યુવા સંમેલન, કારોબારી બેઠકો, અવનવા કલ્ચરલ કાર્યક્રમો વગેરે યોજાતા રહે છે. એન.એસ.એસ ગ્રુપ મારફતે શહિદો / ક્રાંતિકારીઓ / રાષ્ટ્રવાદીઓ ઉપર નાટક, દેશભકિતના ગીતો, એકપાત્રીય અભિનય વગેરેનું આયોજન થાય છે. સમગ્ર માંડવી શહેર તેમજ આસપાસના ગામો માટેની દેશભકિત આધારિત ગીત ગાયન સ્પર્ધા પણ યોજાયેલ છે. કચ્છના વિખ્યાત ચિત્રકારોના અલભ્ય ચિત્રોનું એક ભવ્ય ચિત્ર પ્રદર્શન પણ અત્રે યોજાયેલ છે. ક્રાંતિકારીઓ / રાષ્ટ્રવાદીઓ / શહિદો વગેરે મહાન વિભૂતિઓના જન્મદિન તથા નિર્વાણના દિવસે વિવિધ કાર્યક્રમોનું આયોજન થાય છે, તેમના જીવન પર આધારિત ફિલ્મો પણ અહીંના એમ્ફિ થિયેટર ખાતે પ્રર્દશિત કરવામાં આવે છે. રાષ્ટ્રીય તહેવારો ઉપરાંત પ્રજાસત્તાક દિન, સ્વાતંત્ર્ય દિન, શ્રી શ્યામજી કૃષ્ણવર્માજી, શ્રીમતિ ભાનુમતિજી તથા તેમના અધ્યાત્મિક ગુરૂશ્રી દયાનંદ સરસ્વતીજીની જન્મજયંતિ તેમજ પૂણ્યતિથી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન થાય છે.

ક્રાંતિતીર્થનું સુંદર દરિયા કિનારા પરનું લોકેશન, સુમધુર આબોહવા તથા સ્વચ્છતા અને સુઘડતા તેમજ કચ્છી સ્ટાફનો સાતત્યપૂર્ણ સહકાર પ્રવાસીઓને આકર્ષિત કરે છે. વિરાંજલિ તથા ઈન્ડીયા હાઉસ ગેલેરીમાં મુકાયેલ ૯ જેટલાં માહિતી સભર આધુનિક ‘કિઓસ્ક’ (ટચ સ્ક્રિન કોમ્પ્યુટર) પ્રવાસીઓને ઓડીયો–વિઝયુઅલ મલ્ટીમીડીયા પધ્ધતિથી માહિતી પુરી પાડે છે તો માંડવી તથા આસપાસના ગામોના ઉચ્ચત્તર અભ્યાસ પ્રાપ્ત યુવક–યુવતિઓ ગાઈડ તરીકે માનદ્ સેવા આપી રહયા છે. પ્રવાસીઓ પાસેથી કોઈ પણ જાતના શુલ્ક લીધા વિના ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિ.ના જીએમડીસી ગ્રામ્ય વિકાસ ટ્રષ્ટ દ્વારા સંચાલિત આ ક્રાંતિતીર્થની ગરિમા અને પ્રસિધ્ધિ ઉત્તરોત્તર વધી રહી છે. મેમોરીયલ મેનેજમેન્ટ કમિટીના ચેરમેન, જી.એમ.ડી.સી.લિ.ના મેનેજીંગ ડાયરેકટર તેમજ રાજયના વરિષ્ઠ આઈ.એ.એસ. અધિકારીશ્રી વી.એસ.ગઢવી સાહેબની સંપૂર્ણ દેખરેખ અને સંચાલન સહયોગથી ક્રાંતિતીર્થ દિવસે–દિવસે ભારતભરમાં ખ્યાતિ પ્રાપ્ત કરી રહયું છે. માંડવીના વરિષ્ઠ નાગરિકો, સીનીયર સિટીઝનો, રાજકીય અગ્રણીઓનો સહકાર પ્રાપ્ત થઈ રહયો છે. શ્રી શ્યામજી કૃષ્ણવર્મા મેમોરીયલ સોસાયટીના સભ્યશ્રીઓ, મેમોરીયલ મેનેજમેન્ટ કમીટીના સભ્યશ્રીઓ ઉપરાંત મેમોરીયલના સ્થાનિક પ્રતિનિધિઓ એવા સર્વશ્રી અનંતભાઈ દવે, શ્રી હીરજીભાઈ કારાણી, શ્રી દિલીપભાઈ દેશમુખનો ભરપુર સહયોગ અને હૂંફ મળી રહયા છે.

**– મહેશ ગોસ્વામી, મેનેજર – ‘ક્રાંતિતીર્થ’**